હોળી નજીક આવી છે ત્યારે પરંપરાગત હાઈડા બનાવવાની પ્રક્રિયા પણ તીવ્ર બની છે. હોળી પર્વ દેશભરમાં ધામધૂમપૂર્વક રીતે ઉજવાય છે... વિવિધ પ્રાંતોમાં વિવિધ રીતે ઉજવાતા આ પર્વને રંગોનું પર્વ પણ કહેવામાં આવે છે... રાજસ્થાન પ્રદેશમાં હોળીનું ખૂબ મહત્વ રહેલું છે... એવી જ રીતે ગુજરાતમાં પણ પરંપરાગત રીતે હોળી - ધુળેટીના પર્વને ઉજવવામાં આવે છે.... હોળી પર્વે હાઈડાનું પણ ખૂબ જ મહત્વ રહેલું છે... ગુજરાતમાં પરિવારમાં જન્મેલ બાળકની પહેલી હોળીએ હાઈડાનો હાર પહેરાવી પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવે છે... જો કે ધીમે ધીમે આ પરંપરાએ આધુનિક સ્વરૂપ લીધું છે... પરંતુ હજુ પણ હાઈડાનું મહત્વ એટલું જ જળવાઈ રહ્યું છે.

પાસના સ્નેહમિલન કાર્યક્રમમાં ભારે હોબાળો

સમાજને વિશ્વાસમાં લીધા વિના કોંગ્રેસ પાર્ટીમાં જોડાવાના હાર્દિક પટેલના નિર્ણયને લઇ પાટીદાર સમાજમાં આક્રોશ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરમાં આજે બાપુનગર વિસ્તારમાં પાસના નેતા અને તાજેતરમાં જ કોંગ્રેસમાં જોડાયેલા હાર્દિક પટેલના સન્માન અને પાસના કાર્યકરોના સ્નેહમિલનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, પરંતુ ચાલુ કાર્યક્રમ દરમ્યાન જ અચાનક અલ્પેશ કથીરીયાના સમર્થકો દ્વારા જોરદાર હોબાળો મચાવાયો હોવાની ચર્ચાએ જોર પકડયું હતું.

કારણ કે, સમગ્ર કાર્યક્રમમાં હાર્દિકના ફોટા અનએ પોસ્ટરો હતા પરંતુ કયાંય અલ્પેશ કથીરિયાનો ફોટો ન હતો, જેને લઇને પાસના કાર્યકરો ભડકયા હતા અને તેઓએ જોરદાર હોબાળો મચાવવા સાથે હાર્દિકનો ઉગ્ર વિરોધ કર્યો હતો. એક તબક્કે હાર્દિકના પોસ્ટરો ફાડવાના પ્રયાસો પણ થયા હતા. જો કે, એક તબક્કે હાર્દિકે મધ્યસ્થી કરી હતી. હાર્દિકે આ મામલે સ્પષ્ટ કર્યું હતું કે, આજના સમયમાં દરેકને પોતાનો વિરોધ વ્યકત કરવાનો અધિકાર છે. જેને લઈને હવે હાર્દિકનો પાટીદાર સમાજમાં ખુલ્લો વિરોધ સામે આવી રહ્યો છે. શહેરમાં આજે પાસના સ્નેહમિલન કાર્યક્રમમાં હાર્દિક પટેલ સહિતના પાસના આગેવાનો અને નેતાઓ હાજર રહ્યા હતા અને ખૂબ મોટી સંખ્યામાં પાસના કાર્યકરો પણ હાજર રહ્યા હતા.

કાર્યક્રમ ચાલુ હતો, તે દરમ્યાન અચાનક જ કેટલાક કાર્યકરોએ જોરદાર હોબાળો અને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. જોતજોતાંમાં અન્ય કાર્યકરો પણ તેમાં જોડાઈ ગયા હતા અને સ્થળ પર ધક્કામુક્કી અને ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. નારાજ કાર્યકરોનો સ્પષ્ટ રોષ હાર્દિક પટેલ સામે હતો અને તેઓએ એક તબક્કે હાર્દિકના પોસ્ટરો અને ફોટા ફાડવાના પ્રયાસ પણ કર્યો હતો. કાર્યકરોનો આક્રોશ એ વાતને લઈને પણ સામે આવ્યો હતો કે, પોસ્ટર અને ફોટામાં માત્ર હાર્દિકનો જ ફોટા કેમ છે અને અલ્પેશ કથીરિયાના ફોટા કેમ નથી કે જયારે હવે આંદોલનની બાગડોર કથીરિયાના હાથમાં છે.

એક તબક્કે મામલો વણસતાં જોઇ ખુદ હાર્દિક પટેલ ચિત્રમાં આવ્યો હતો અને તેણે કાર્યકરોને સમજાવ્યા હતા અને પરિસ્થિતિ ભારે જહેમત બાદ થાળે પડી હતી. દરમ્યાન આ સમગ્ર મામલે એસપીજીના નેતા લાલજી પટેલે જણાવ્યું હતું કે, હાર્દિક પટેલના વલણને લઈ સમાજની અંદર નારાજગી છે, સમાજને પૂછયા વિના કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય ઉતાવળિયો છે. સમાજના યુવાનોનો આ આક્રોશ હોઈ શકે.

હાર્દિકે સમાજના મુદ્દા સ્પષ્ટ કર્યા વિના તે એકાએક કોંગ્રેસમાં જોડાઈ ગયો છે. તેના કારણે પાસમાં અને પાટીદાર સમાજમાં હાર્દિક પટેલ સામે આક્રોશ પ્રવર્તી રહ્યો છે. પાટીદાર સમાજના મુદ્દાઓ સ્પષ્ટ નહી થાય તો એક તબક્કે અમે ભાજપ અને કોંગ્રેસનો પણ વિરોધ કરીશું.

અમદાવાદ-ઉદેપુર બ્રોડગેજ રેલ્વે લાઈનનું કામ અંતિમ તબક્કામાં છે ત્યારે રવિવારે હિંમતનગરના નવીન રેલ્વે સ્ટેશન પર રેલ્વે પાટા નાખ્યા બાદ રેલ્વે વિભાગના અદ્યતન સાધનો ધ્વારા પાટાનું જોડાણ અને તેના લેવલીંગનું કામ ચાલી રહ્યું છે.

અમદાવાદમાં ફરિયાદીને ૨૪ હજારનું વળતર ચૂકવવા મ્યુઝિક ક્લાસને હુકમ

સગીર પુત્રીને મ્યુઝિકની તાલીમ માટે મ્યુઝિક કલાસમાં પૂરેપૂરી બે વર્ષની ફી એડવાન્સમાં એકસાથે ભરી દેવા સાથે મોકલ્યા બાદ પણ કલાસીસમાં ટયુટર કે સંગીત શિક્ષકની વ્યવસ્થા નહી કરી સેવામાં ખામી અને અનફેર ટ્રેડ પ્રેકટીસ આચરી હોવાની એક ગંભીર ફરિયાદ એક પિતાએ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં દાખલ કરી હતી અને કસૂરવાર મ્યુઝિક કલાસીસ અને તેના સંચાલકો પાસેથી ભરેલી ફી અને માનસિક ત્રાસનું વળતર માંગ્યું હતું. જેની સુનાવણીના અંતે અમદાવાદ શહેર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ(મુખ્ય)ના પ્રમુખ એલ.એસ.રબારી અને સભ્ય એચ.જે.ધોળકીયા તથા શ્રીમતી વી.એ.જેરોમે ફરિયાદી પિતાને સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે ભરેલી પૂરી ફી રૂ.૨૪ હજાર ફરિયાદ દાખલ કર્યા તારીખ તા.૧૬-૩-૨૦૧૮થી ચૂકવી આપે ત્યાં સુધી વાર્ષિક આઠ ટકાના વ્યાજ સાથે ચૂકવી આપવા પ્રતિવાદી મ્યુઝિક કલાસ અને તેના સંચાલકોને ફરમાન કર્યુંછે.

ભાજપ ઉમેદવારને બહુમતિથી જીતાડવા માટેનો સંકલ્પ કરાયો

અમદાવાદ,તા.૧૭

ભાજપા પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં સુશાસન અને સુરક્ષા સાથે સમાજના દરેક વર્ગો તેમજ છેવાડાના માનવીની સમૃધ્ધિ અને વિકાસ માટે અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓ આપી છે. ત્યારે ગુજરાત અને સમગ્ર દેશના લોકો નવા ભારતના સંકલ્પ સાથે ફરી એકવાર નરેન્દ્ર મોદીને દેશનું સુકાન સોંપવા થનગની રહ્યા છે. ગુજરાતમાં ફરીથી તમામ ૨૬ બેઠકો પર ભાજપાનો ભવ્ય વિજય થાય તે માટે ભાજપાના લાખો કાર્યકરો ઉત્સાહપૂર્વક કામે લાગી ગયા છે. આજરોજ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા લોકસભા ચૂંટણી પ્રભારી ઓમજી માથુર, મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં લોકસભા ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. આ ત્રણ દિવસ ચાલનારી લોકસભા ચૂંટણી સમિતિ બેઠકમાં લોકસભાના નિરીક્ષકો અને જીલ્લા સંકલન સમિતિ સહિત મુખ્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઉમેદવારો અંગે ચર્ચા વિચારણાં થશે. આજરોજ વડોદરા, ભરૂચ, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ, વલસાડ, નવસારી, બારડોલી, સુરત, આણંદ અને ખેડા એમ, કુલ ૧૧ બેઠકોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. લોકસભાની ભાજપની

ટીમે ગુજરાતમાં કોઈપણ ઉમેદવારને આપશો અમે જનતાનાં આશીર્વાદ, જનસમર્થન, જનમતથી ભાજપનાં ઉમેદવારને જીતાડીશું તેવો વિશ્વાસ ભાજપની ચૂંટણી સમિતિનાં આગેવાનોને આપ્યો હતો. નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી બનાવવા માટે દેશ અને ગુજરાતની જનતાએ મન બનાવી લીધું છે ત્યારે, અમે સહુ રાષ્ટ્રવાદ, વિકાસ અને લોકસેવાનાં ચોકીદાર બનીને ભાજપનાં ઉમેદવારને જંગી બહુમતીથી જીતાડીશું, તેમ લોકસભા અને જીલ્લાની ટીમે સંકલ્પ વ્યકત કર્યો હતો. આવતીકાલ તારીખ ૧૮ માર્ચ, સોમવારના રોજ મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, જામનગર, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમ એમ, કુલ ૧૧ બેઠકોની સમીક્ષા હાથ ધરવામાં આવશે,અને તારીખ ૧૯ માર્ચ, મંગળવારના રોજ બાકી રહેલ રાજકોટ, કચ્છ, પોરબંદર અને જુનાગઢ એમ, ૪ બેઠકોની સમીક્ષા હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ગુજરાત લોકસભા ચૂંટણી સમિતિ લોકસભા બેઠકદીઠ સંભવિત નામોની યાદી તૈયાર કરી કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ સમક્ષ રજુ કરશે તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યુ હતુ.

બારડનું સસ્પેન્શન પાછુ નહી ખેંચાય તો મતદાનનો ઈન્કાર

અમદાવાદ, તા.૧૭

ખનીજ ચોરીના કેસમાં ૨ વર્ષ અને ૯ મહિનાની સજા પામેલા તાલાલાના પૂર્વ ધારાસભ્ય ભગવાન બારડના સમર્થનમાં આજે વેરાવળમાં આહિર સમાજનું શકિત સંમેલન યોજાયું હતું. જેમાં ગુજરાતભરના આહિર સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. તો, સંમેલનમાં કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમ, અમરીશ ડેર, જન અધિકાર મંચના કન્વીનર પ્રવિણ રામ અને ભગવાન બારડ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં એકઠા થયેલા આહિર સમાજે હુંકાર કર્યો હતો કે, જો ભગવાન બારડનું સસ્પેનશન પાછું નહિ ખેંચાય તો ૨૦૧૯માં કોઈ ભાજપને વોટ નહિં આપે. આહીરસમાજે ભાજપ સરકાર અને વિધાનસભા અધ્યક્ષ દ્વારા પૂર્વ ધારાસભ્ય ભગવાન બારડને રાજકીય અદાવત અને કિન્નાખોરીનો ભોગ બનાવાયા હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને તેની સામે સખત નારાજગી અને વિરોધ વ્યકત કર્યા હતા. સાથે સાથે આગામી લોકસભા ચૂંટણીમાં સાત જેટલી બેઠકોના સમીકરણો બદલાવી નાંખવાની ચીમકી ઉચ્ચારી હતી. આહીર સમાજનાં અગ્રણી હીરાભાઈ જોટવાનાં જણાવ્યા પ્રમાણે, વેરાવળ સેશન્સ કોર્ટ દ્વારા સુત્રાપાડાના કેસમાં ભગવાનભાઈને થયેલી સજા ઉપર સ્ટે આપેલ હોવા છતાં વિધાનસભાના અધ્યક્ષ દ્વારા ભગવાન બારડને ધારાસભ્ય પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. સરકારના આ કિન્નાખોરી ભર્યા પગલાંથી સમસ્ત ગુજરાત સૌરાષ્ટ્ર કરછ વિસ્તારમાં રહેતા આહીર સમાજમાં ઘેર પ્રત્યાઘાત પડ્યાં છે. ભગવાનભાઈ બારડને સરકાર દ્વારા ન્યાય નહીં આપવામાં આવે તો સમસ્ત આહીર સમાજ તેમની તાકાતનો પરચો ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં બતાવશે તેમ જણાવ્યું હતું. દરમ્યાન ભગાભાઈ બારડે જણાવ્યું હતું કે, વિધાનસભા અધ્યક્ષ ભાજપ સરકારના ઈશારે કામ કરી રહ્યા છે. પણ મારે ડરવાની કોઈ જરૂર નથી કારણ કે, મને ન્યાયતંત્ર પર સંપૂર્ણ વિશ્વાસ છે. ગુજરાત આહિર સમાજનાં ઉપપ્રમુખ ભીખુભાઈ વારોતરીયાનાં અધ્યક્ષપદે યોજાનાર શકિત સંમેલનમાં જામનગર, દેવ ભૂમિ દ્વારકા, રાજકોટ, મોરબી, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર-સોમનાથ જિલ્લાના આહીર સમાજના લોકો મોટી સંખ્યાંમાં જોડાયા હતા અને આગળની રણનીતિ નક્કી કરવામાં આવી હતી. જેની તૈયારી રૂપે જૂનાગઢ તથા ગીર-સોમનાથ જિલ્લાના ૧૫૦થી વધુ આહીર સમાજના ગામડાઓમાં બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ભગાભાઈ બારડના સસ્પેન્શનનો મામલો વધુ ગરમાય એવી પૂરી શકયતા છે.

વિરમગામ-સાણંદ હાઇવે પર ગમખ્વાર અકસ્માત

બે કાર ટકરાતા લખતરના ભાજપ પ્રમુખનું કરૂણ મોત

અમદાવાદ,તા.૧૭

વિરમગામ પંથકના માળીયા-અમદાવાદ હાઈવે પર વિરમગામથી સાણંદ વચ્ચે આવેલા જખવાડા પાસે બે કારો ધડાકાભેર અથડાતાં ગંભીર જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં લખતર ભાજપના પ્રમુખ અજિતસિંહ રાણાનું કરૂણ મોત નીપજયુ હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, પોલીસે સમગ્ર મામલાની તપાસ અને ખરાઈ હાથ ધરી છે. ગમખ્વાર એવા આ અકસ્માતના બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને અરેરાટી ફેલાઈ ગઈ હતી, તો, ભાજપ વર્તુળમાં પણ શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં પાંચથી વધુ લોકો ઘાયલ થયા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, માળીયા-અમદાવાદ હાઈવે પર વિરમગામથી સાણંદ વચ્ચે આવેલા જખવાડા પાસે જીજે ૧૩- સીસી ૯૯૮ અને જીજે ૩૬-એફ ૪૭૭૮ નંબરની બે કારો સામસામે જોરદાર રીતે અથડાઈ હતી. બંને કાર એટલી ભયાનક રીતે ધડાકાભેર અથડાઈ હતી કે કારના લગભગ ભુક્કા બોલી ગયા હતા. વેગન આર અને હુન્ડાઈની કાર વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં વેગન આર કાર સુરેન્દ્રનગરનું પાસીંગ ધરાવતી હતી અને તેની પર લખતર ભાજપ પ્રમુખ લખાણ પણ હતું, તેથી આ અકસ્માતમાં લખતર ભાજપના પ્રમુખ અજિતસિંહ રાણાનું મોત નીપજયું હોવાની વાત સામે આવી રહી છે. જો કે, પોલીસે ઘટનાસ્થળે પહોંચી સમગ્ર મામલાની ખરાઈ અને તપાસ હાથ ધરી હતી. આ ગંભીર અને જીવલેણ અકસ્માતમાં પાંચથી વધુ વ્યકિતઓ ઘાયલ થયા હતા, જેઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરના પોલોગ્રાઉન્ડમાં આવેલ ઈડર સ્ટેટ સમયનું મહાકાલી માતાજી કુંડ મંદિરમાં રવિવારે મહાકાલી કુંડ નવયુવક મંડળ ધ્વારા માતાજીનો ૩૭મો પાટોત્સવ યોજાયો. જેમાં સવારે માતાજીનો હવન યોજાયો હતો તો બીજી તરફ માતાજીની બગી સાથેની શોભાયાત્રા મંદિરેથી નીકળી હતી જે સમગ્ર વિસ્તારમાં ફરી પરત નિજ મંદિરે પૂર્ણ થઈ હતી.

બાલીસણા દિગંબર જીનાલય ખાતે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાશે

બાલીસણા દિગંબર જૈન સમાજ દ્વારા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા નગરમાં નિર્માણ થયેલ શિખરબંધ દિગંબર જીનાલય મંદિર ખાતે ૬૧મા વાર્ષિક ધ્વજારોહણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જયાં તા. ૨૪ માર્ચના રોજ દિગંબર જૈનોની હાજરીમાં ધ્વજારોહણ કરવામાં આવશે. જૈન સમુદાય દ્વારા સવારે ૧ કલાકે શ્રીજી ઉપર અભિષેક ત્યારબાદ શોભાયાત્રા, નિત્ય નિયમપૂજા અને આરતી કરવામાં આવશે.

નિધન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઓફિસમાં હતા ત્યારે વાહન નંબર ૧૩૧૩ રાખવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૦માં મુખ્યમંત્રી પદ સંભાળતા પહેલા જ તેમના પત્નીનું પણ કેન્સરના કારણે નિધન થયું હતું. ગોવામાં મુખ્યમંત્રી તરીકે લાંબા ગાળા સુધી તેઓએ સેવા આપી હતી. નવેમ્બર ૨૦૧૪માં ઉત્તરપ્રદેશમાંથી રાજયસભા માટે ચૂંટાઈ આવ્યા હતા. ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે જ્યારે ઉરીમાં ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરીને ૧૯ જવાનોને મોતને ઘાટ ઉતારી દધા ત્યારે મનોહર પારીકર દેશના સંરક્ષણ મંત્રી તરીકે હતા. ત્યારબાદ ભારતે પ્રથમ વખત એલઓસી પાર કરીને ત્રાસવાદી કેમ્પોને સર્જિકલ હુમલાથી ફુંકી માર્યા હતા. માર્ચ ૨૦૧૭માં ગોવામાં જયારે જરૂર પડી ત્યારે તેઓએ સંરક્ષણ મંત્રી તરીકે રાજીનામુ આપીને ચોથી વખત ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા.

ટ્વીટર પર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઝડપથી ભાજપમાં ઘડનાકમનો દોર બદલાયો હતો. ભાજપ પ્રમુખ અમિત શાહ સહિત અનેક મોટા નેતાઓએ તેમના નામ પહેલા ચોકીદાર શબ્દનો ઉપયોગ કરી લીધો છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ ઉપર હજુ પણ નરેન્દ્ર મોદી નજરે પડે છે. મોદીની સાથે અમિત શાહ, રેલવેમંત્રી પીયુષ ગોયેલ અને ભાજપના આઈટી સેલના પ્રમુખ અમિત માલવિયા દ્વારા પણ ટ્વિટર પર પોતાના નામની આગળ ચોકીદાર શબ્દ ઉમેરી દીધા છે. આ ઉપરાંત જેપી નડ્ડા, રમણસિંહ, પૂનમ મહાજન સહિત અનેક મોટા નેતાઓએ પણ પોતાના નામની આગળ ચોકીદાર શબ્દ ઉમેરી ચુક્યા છે. લોકસભાની ચૂંટણીના પ્રચાર હેઠળ ભાજપે એક વિડિયો લોંચ કર્યો હતો. ૩.૪૫ મિનિટના આ વિડિયોમાં મે ભી ચોકીદારનો નારો અપાયો હતો. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની ટકોર ચોકીદાર ચોર હેના જવાબમાં મોદીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, તેઓ એકલા ચોકીદાર નથી. તેમણે લખ્યું છે કે, જે પણ ભ્રષ્ટાચારની સામે લડી રહ્યા છે તે ચોકીદાર છે. મોદીના ટ્વિટ બાદ અનેક ભાજપ નેતાઓએ મે ભી ચોકીદારનો પ્રયોગ કરી દીધો છે. ત્યારબાદ ચોકીદાર ફરીથી મેં ભી ચોકીદાર જેવા હેસડેગ ટોપ ટ્રેન્ડમાં નજરે પડે છે.

૧૭-૧૭ બેઠકો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બાંકા, મુંગેર, નાલંદા, કારાકાટ, ગયા, જેહાનાબાદ, સુપૌલ, કિશનગંજ, મધેપુરા, વાલ્મિકીનગર, સીતામઢી, ઝંઝારપુરનો સમાવેશ થાય છે જ્યારે ભારતીય જનતા પાર્ટી જે સીટ ઉપર ચૂંટણી લડનાર છે તેમાં પશ્ચિમી ચંપારણ, પૂર્વીય ચંપારણ, મહારાજગંજ, મધુબાની, અરેરિયા, દરભંગા, મુઝફ્ફરપુર, સારન, ઉજિયારપુર, બેગુસરાય, પટણા સાહિબ, પાટલીપુત્ર, આરા, શિવહર, બક્સર, સાસારામ અને ઔરંગાબાદનો સમાવેશ થાય છે. એલજેપીને જે સીટ આપવામાં આવી છે તેમાં વૈશાલી, સમસ્તીપુર, હાઝીપુર, ખગડિયા, જમુઈ અને નવાદાનો સમાવેશ થાય છે. રસપ્રદ બાબત એ છે કે, રામવિલાસ પાસવાન લોકસભાની ચૂંટણી લડનાર નથી. તેમની જગ્યાએ રામવિલાસ પાસવાન હવે રાજ્યસભામાં જશે જ્યારે તેમના પુત્ર ચિરાગ પાસવાન ચૂંટણી મેદાનમાં છે.

ગંભીર પડકાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગાંધીનગર શહેરમાં પણ નર્મદાના પાણીની સાથે કેટલાક સેક્ટરોના બનાવેલા બોરનું પાણી મિક્સ કરી આપવામાં આવે છે. પરંતુ શહેરમાંય પુરા ફોર્સથી પાણી પહોંચતુ નથી એ સમસ્યાનો ઉકેલ પણ આવ્યો નથી. આમ સમગ્ર જિલ્લામાં પાણીની સમસ્યા આગામી ઉનાળામાં ઉગ્ર રૂપ ધારણ કરશે.

શહેરમાં પાણીનો વેડફાટ વધ્યો છે. બગીચામાં પાણી આપવા ઉપરાંત પાણીના નળ ટપકતાં હોવાની ફરિયાદો અને કન્સ્ટ્રકશન સાઈટો પર પાણીની જરૂરિયાતો વધી છે તે તંત્ર માટે આગામી દિવસોમાં પડકારરૂપ બનશે.

મતદારો વધ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ટકા, કલોલમાં ૧.૬૫ ટકા, સાણંદમાં ૧.૯૭ ટકા, વેજલપુરમાં ૨.૦૫ ટકા, નારણપુરામાં ૧.૫૭ ટકા ફેરફાર જણાયો છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ગાંધીનગર જિલ્લાની બે વિધાનસભા ગાંધીનગર (ઉ) તથા કલોલનો સમાવેશ થાય છે. જ્યારે અમદાવાદની સાબરમતી, સાણંદ, નારણપુરા, ઘાટલોડિયા અને વેજલપુરનો સમાવેશ થાય છે.

વ્યાપક ફરિયાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવે છે. જયારે તંત્રના ચોપડે બાકી વેરાનો આંકડો પણ મોટો છે. ત્યારે જુના બાકી માંગણા સામે પણ પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. આ વર્ષે પણ હાલ એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે બિલ વિતરણના અંતે પાટનગર યોજના ભવન તેમજ સે-૩ ખાતે વેરાની વસુલાત કરવામાં આવી રહી છે. એડવાન્સ વેરા વસુલાત ઝુંબેશ અન્વયે વેરો ચુકવનારને વળતરનો લાભ પણ આપવામાં આવે છે. પરંતુ વેરા વસુલાત ઝુંબેશ પુર્વે નવા સેકટરોમાં બિલ વિતરણ યોગ્ય રીતે ન થતા ઘણા રહીશોને વેરાના બિલ મળ્યા જ ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જેના લીધે વેરા વસુલાતની કામગીરી પણ પ્રભાવિત થાય તેમ છે. જો કે દરવર્ષે વેરા ચુકવણીના અંતે અંદાજિત ૩૦ ટકા વેરા વસુલાત થઈ શકતી નથી. જેના લીધે તંત્રના ચોપડે વર્ષો જુના બાકી વેરાનો આંકડો પણ મોટો થતો જાય છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા પ્રતિદિન ૫૫ એમ એલ ડી જેટલા પાણીનો સપ્લાય કરવામાં આવે છે. જયારે પાણીની જરૂરિયાત સંતોષવા માટે સરકાર પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ વેરા વસુલાતના મામલે હજુ સુધી સ્થાનિક રહીશોમાં પણ ઉત્સાહ જોવા મળતો નથી. ઘણાંખરા મકાનો બંધ હોવાના લીધે પણ વેરો વસુલી ન શકાય તેવી સ્થિતિ સર્જાય છે.

બાળકો બિમાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બાળકો શિક્ષણને લઈ માનસિક તનાવ અનુભવી રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માત્ર ને માત્ર ૧૩ જ બાળકોને તમાકુનું વ્યસન હોવાનું આ ચકાસણી દરમિયાન બહાર આવ્યું છે. ૪ બાળકો જાતીય રોગોની બિમારીથી પિડાતા મળી આવ્યાનું પણ જાણવા મળેલ છે.

આ કાર્યક્રમમાં ૨૨૭ બાળકો વિકલાંગ જણાયા છે તો ૩૨બાળકોને ચેતાતંત્રની અને ૯ બાળકોને અસ્થિતંત્રની બિમારી જણાઈ આવી છે.

જિલ્લામાં ૨૧૫૯ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં ૩,૧૧,૩૭૮ બાળકોની આ કાર્યક્રમ અંતર્ગત ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૨૯,૯૮૩ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી.

જિલ્લા તંત્ર એ ૯૨૯ બાળકોને સંદર્ભ સેવા માટે રિફર કર્યા હતા. જેમાંથી ૯૧૯ બાળકોને નિષ્ણાતો દ્વારા તપાસી લેવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે. જેમાં બાળરોગના નિષ્ણાતો દ્વારા ૩૨૯ બાળકો, આંખના રોગ માટે ૧૭૯ બાળકો, ચામડીના રોગના ૯૫ બાળકોની નિષ્ણાત તબીબોએ ચકાસણી પુરી કરી લીધી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં કુપોષણની સમસ્યાની સાથે સાથે ૨૨ બાળકો જે શિક્ષણને લઈ માનસિક તનાવ અનુભવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. દાંત અને આંખની બિમારીનું પ્રમાણ પણ વધુ જોવા મળી રહ્યું છે. જો કે તંત્રના આશ્ચર્ય વચ્ચે શરીરની સ્થુળતા ધરાવતા અને તમાકુનું વ્યસન ધરાવતા બાળકો ગ્રામ્ય વિસ્તારમાં સૌથી ઓછા મળ્યા છે.

પાંજરુ મુકાયું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ ધ્યાને આવ્યુ હતુ. શહેર તેમજ જિલ્લાના આસપાસના વિસ્તારમાં દિપડો હોવાની વાત વારંવાર સામે આવે છે. પેથાપુર પાસેના પીંપળજમાં વધુ એકવાર દિપડો હોવાની વાત સામે આવી છે. ગઈકાલે દિપડાએ એક બકરીનુ મારણ કર્યુ હોવાનુ પણ સ્થાનિકોએ જણાંવ્યુ છે. જયારે આ મામલે વનતંત્રને પણ જાણ કરવામાં આવતા તંત્ર દ્વારા પીંપળજમાં દિપડાને કેદ કરવા માટે પાંજરુ મુકી દેવાયુ છે. ત્યારે હવે દિપડો ફરી એકવાર જિલ્લાની હદમાં આવતા વનતંત્રએ દિપડાને ઝડપી લેવા માટે કસરત હાથ ધરી છે. પીંપળજ વિસ્તારમાં દિપડાએ દેખા દેતા સ્થાનિકોમાં ફફડાટ પ્રવર્તયો છે.

એફએમસીજીના અન્યાયના લીધે રિટેલ વેપારને નુકસાન

મોર્ડન ટ્રેડમાં એફએમસીજી (ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર ગુડ્ઝ) સંલગ્ન કંપનીઓના અન્યાય અને વ્હાલાદવલાની નીતિના કારણે તેમ જ મોલ કલ્ચરના પરિણામે ગુજરાત રાજયમાં રિટેલ બિઝનેસ ચિંતાજનક રીતે ઘટી રહ્યો છે. ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર ગુડ્ઝને સલંગ્ન કંપનીઓ વિવિધ મોલ્સને રિટેલ માર્કેટના વેપારીઓની સરખામણીમાં વધુ માર્જિન આપતી હોવાથી રિટેલ માર્કેટના વેપારીઓની હાલત કફોડી બની છે, જેને પગલે સમગ્ર રિટેલ માર્કેટ તૂટી રહ્યું છે. આજે અમદાવાદ શહેરમાં ફેડરેશન ઓફ ગુજરાત એફએમસીજી ડિસ્ટ્રીબ્યુટર્સની મળેલી મહત્વની બેઠકમાં આ સંવેદનશીલ મુદ્દા અંગે બહુ મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી અને આ સમગ્ર મામલે આગામી દિવસોમાં રાષ્ટ્રવ્યાપી લડતની ચીમકી ફેડરેશનના ચેરમેન અરૂણ પરીખ, પ્રમુખ દિપકભાઈ પટેલ, ઉપપ્રમુખ નિર્મલભાઈ ખોખર અને સેકેટરી શૈલેષ શાહ સહિતના હોદ્દેદારોએ ઉચ્ચારી હતી. અમદાવાદ શહેરમાં ફેડરેશન ઓફ ગુજરાત એફએમસીજી ડિસ્ટ્રીબ્યુટર્સની મળેલી મહત્વની બેઠકમાં રાજયભરમાંથી એક હજારથી વધુ ડિસ્ટ્રીબ્યુટર્સ અને આગેવાનો હાજર રહ્યા હતા. રાજયમાં રિટેલ બિઝનેસ પડી ભાંગવાની ગંભીર દહેશત વ્યકત કરી છે.